**સરસ્વતીના જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમા, મુ. સરસ્વતી,**
**(એમ.એમ.નવધરે સાહેબશ્રીની કોર્ટ)**

---

**ફોજદારી કેસ નં.૭૪/૨૦૨૬**

**ફરિયાદી** **:-** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી** **:-** બલાજી અનુજી ઠાકોર
રહે.વારેડા, તા.સરસ્વતી, જિ.પાટણ.

**ગુન્હો** **:-** પ્રોહી એકટની કલમ-૬૬(૧)(બી) મુજબ

**આંક- ૧ લગત હુકમ**

આ કામના આરોપી સામેના ઉપરોકત મુજબના ગુનાનું ચાર્જશીટ તથા સાથેના પોલીસ પેપર્સ આરોપીને વિના મૂલ્યે પૂરા પાડી, આરોપનો સારાંશ જણાવી આરોપીની પ્લી લેવામાં આવેલ છે. તેઓ ગરીબ તથા કુટુંબ કબીલાવાળા માણસ છે, આ તેઓને પ્રથમ ગુન્હો છે અને તેઓને પસ્તાવો છે અને આરોપીને ગુનો કબૂલ હોવાની રજુઆત કરી, તે મતલબની સ્વૈચ્છિક પુરશીષ આ કામે રજુ કરેલ છે. આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, થઈ શકતી સજાનું પ્રમાણ, આરોપીની સામાજિક, આર્થિક જવાબદારીઓ, આરોપીનો પૂર્વ ઈતિહાસ ધ્યાને લેતાં અને નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત દ્વારા ૨૦૦૫(૧), જી.એલ.આર. પાના નં.૭૦૯, નટરવર હરચંદજી ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લઈ આરોપીને હળવી સજા કરવી વ્યાજબી અને ન્યાયિક જણાતું હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

- આ કામના આરોપી બલાજી અનુજી ઠાકોર, રહે.વારેડા, તા. સરસ્વતી, જિ.પાટણવાળાને ધી ગુજરાત પ્રોહી એકટની કલમ-૬૬(૧)(બી)મુજબના ગુનામાં કસૂરવાર ઠરાવી **રૂા.૧૦૦/- (અંકે**

**રૂપિયા એક સો પૂરા)** નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ન ભરવામાં આવે તો દિન–૧૦(દસ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

- પત્તા/દારૂ/નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો. રોકડ/વેલ્યુએબલ મુદ્દામાલ સરકાર ખાતે ખાલસા કરવો. વાહન/મોબાઈલનો વચગાળાનો હુકમ થયો હોય તો તેને કાયમ રાખવો અને ન થયો હોય તો માલિકીની ખરાઈ કરીને પરત આપવો.
- આરોપીના બેલ બોન્ડ રદ ગણવા તેમજ રોકડ જામીનગીરી અથવા જામીનદારે ભરેલ પેનલ્ટી સરકાર ખાલસા કરવી.

આ હુકમ આજરોજ તા.**૧૧ મી** માહે **જુલાઈ, ૨૦૨૬** ના લોક અદાલતની સ્પેશ્યલ સિટિંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧.૦૭.૨૦૨૬
સરસ્વતી.

(કુ.મેધાબેન મહેશકુમાર નવધરે)
જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક. સરસ્વતી,
કોડ નં. જી.જે.૦૧૭૧૫

પાવતી નં............................... તા.૧૧.૦૭.૨૦૨૬
થી રૂ.................................. દંડના વસૂલ લીધા.

નાઝીર
સરસ્વતી કોર્ટ